39. ધોબીનો કૂતરો નહિ ઘરનો કે નહિ ઘાટનો. - -બેય પક્ષને પ્રસન્ન રાખવા મથનાર નિષ્ફળ જાય છે.
40. ધોળું એટલું દૂધ નહિ. – બહારથી સારું તે બધેથી જ સારું ન હોય.
41. નમે તે સૌને ગમે. - નમ્રતા મોટો ગુણ છે.
42. નાચવું નહિ ત્યારે આંગણું વાંકું. – કામ કરતાં આવડે નહિ ને ખોટું બહાનું બતાવવું.
43. નાનો તોપણ રાઈનો દાણો. – નાનો માણસ પણ શકિતશાળી.
44. નેવનાં પાણી મોભે ન ચડે.- અશકય શકય ન બને.
45. પગ જોઈને પાથરણું તાણો. – શકિત જોઈને કામ કરો.
46. પહેલું સુખ તે જાતે નર્યા. – તંદુરસ્તી એ પ્રથમ સુખ.
47. પાકે ઘડે કાંઠા ન ચડે. - અમુક વખત વીતી ગયા પછી પરિસ્થિતિ ન સુધરે.
48. પાણીમાં રહેવું ને મગર સાથે વેર. - જેના હાથ નીચે રહેતા હોઈએ તેની સાથે વેર બાંધવું ઠીક નહિ.
49. પારકી આશ સદા નિરાશ. - બીજા ઉપરનો આધાર નકામો.
50. પેટનો બળ્યો ગામ બાળે. - પોતાના દુઃખે સૌને દુઃખમાં નાખે.
51. બોલે તેના બોર વેચાય. - કહ્યા વિના કોઈ ન જાણે.
52. ભાગ્યશાળીને ભૂત રળે. - ભાગ્ય બળવાન હોય તો બધું મળે.
53. ભાવતું હતું ને વેદે કહ્યું. - પોતાને ગમતું હોય ને હિતસ્વી એ જ સૂચવે.
54. ભીખનાં હાંલ્લાં શીકે ચડે નહિ. - ભીખ માગ્યે શ્રીમંત ન થવાય.
55. ભેંસ આગળ ભાગવત. - અણસમજુને ઉપદેશ આપવો નકામો છે.
56. મન ચંગા તો કથરોટમાં ગંગા. - અંતઃકરણ પવિત્ર હોય તો યાત્રા કરવાની જરૂર નથી.
57. મુખમાં રામ અને બગલમાં છૂરી. - દેખાવે સારો પણ દિલમાં કપટી.
58. મૂઈ ભેંસના મોટા ડોળા. - વસ્તુની હયાતી બાદ તેની કદર થાય.
59. મોરનાં ઈંડાંને ચીતરવાં ન પડે. - સાચી વસ્તુને જાહેરાતની જરૂર નથી.

60. રાત થોડી ને વેશ ઝાઝા. - સમય ઓછો ને કામ વધારે.
61. લીલા વનના સૂડા ઘણા. - લાભ દેખાય ત્યાં ઘણા આવે.
62. વખાણી ખીચડી દાંતે વળગે. - વખાણીએ તે જ ખરાબ નીવડે.
63. વસુ વિના નર પશુ. - લક્ષ્મી વિનાના માણસની ગણના થતી નથી.
64. વાડ વિના વેલો ન ચઢે. - ઊંચું સ્થાન મેળવવા કોઈ મોટાની ઓથ હોવી જોઈએ.
65. વાર્યા ન વળે તે હાર્યા વળે. - કંઈ ઉપાય ન ચાલે ત્યારે આપમેળે ઠેકાણે આવે.
66. વિનાશકાળે વિપરીત બુદ્ધિ. - વિનાશ થવાનો હોય ત્યારે બુદ્ધિ બગડે.
67. સંઘર્યો સાપ પણ કામમાં આવે. - સંઘરેલી નકામી વસ્તુ પણ વખત આવ્યે ઉપયોગી થઈ પડે.
68. સંપ ત્યાં જંપ. - સંપથી શાંતિ ને સુખ મળે છે.
69. સાઠી બુદ્ધિ નાઠી. - ઘરડાં થાય તેમ મતિ જાય.
70. સાચને નહિ આંચ. - સત્યનો સદા જય થાય છે.
71. સાપ ગયા ને લિસોટા રહ્યા. - સારી વસ્તુ ગઈ ને નકામી કાયમ થઈ.
72. મળ્યા ત્યારે મીર ને ન મળ્યા ત્યારે ફકીર. - પૈસો આપ્યો હોય ત્યારે ઉદાર અને ન આવ્યો હોય ત્યારે યાચક
73. માગીને ખાવું ને મસિદે સૂવું. - ભીખ માગી ખાવું અને મસિદે મફત સૂવું એવું રખડતું જીવન.
74. કાગડો દહીંથરું લઈ ગયો. - સારી વસ્તુ અયોગ્ય વ્યકિતને હાથ ગઈ.
75. ડાહી સાસરે ન જાય ને ગાંડીને શીખામણ આપે. - પોતે ન કરે તે કરવા બીજાને શિખામણ આપે.
76. ખીજ્યું કરડે પગને, રીઝ્યું ચાટે મુખ.- કૂતરાંની ભાઈબંધીમાં બે બાજુથી દુખ
77. ખાળે ડૂચા ને દરવાજા મોકળા. - અતિ બેદરકારી.
78. એરણની ચોરી ને સોયનું દાન. - પાપ કે ગુનાવાળું કૃત્ય કરીને ઢાંકવા સત્કર્મનો આડંબર કરવો, ખૂબ કામ કરાવી ઘણું ઓછું વળતર આપવું.
79. ભાંગ્યું ભાંગ્યું તોયે ભરૂચ. - પડતીના સમયમાં અસલી ગૌરવ ટકાવી રાખવું.
80. ભૂખ ના જુએ ભાખરો, ને ઊંઘ ના જુએ સાથરો. - ભૂખ્યાને અને ઊંઘટ્ટાને સારાનરસાનો વિવેક હોતો નથી.
81. લાલો લાભ વિના લોટે નહિ. - લાલો લાભ હોય ત્યાં જ જાય.
82. મિયાંબીબી રાજી તો કયા કરેગા કાજી? - પતિપત્ની વચ્ચે સુમેળ હોય તો સમાજની શી પરવા?
83. લંકાની લાડી ને ઘોઘાનો વર. - દક્ષિણની કન્યા ને પશ્ચિમનો વર.
84. નાણાં વિનાનો નાથિયો, ને નાણે નાથાલાલ. - નાણું ન હોય તો નાથિયો કહી બોલાવે ને નાણાવટી હોય તો નાથાલાલ કહી બોલાવે.
85. નાક કપાવું. - આબરૂ ગુમાવવી.
86. વો દિન કહાં કે મિયાં કે પાંવમેં જૂતી.- બદનસીબ માણસને સારી વસ્તુ કયાંથી મળે ?
87. ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન. - કંઈ ન જાણનારાઓમાં થોડું ઘણું જાણતો હોય તેને ભાવ પુછાય.
88. ઊતર્યો અમલદાર કોડીનો. - સત્તા ગુમાવ્યા પછી અધિકારીનું માન સચવાતું નથી.
89. ખાતર પર દિવેલ. - નુકસાન ભેગું થોડું વધારે નુકસાન.
90. ઘર ફૂટયે ઘર જાય. - અંદર અંદર મતભેદ પડતાં શત્રુ જ ફાવે.

91. જાગતો બમણું ઘોરે. - ઢોંગી માણસ સચ્ચાઈનો વધુ દેખાવ કરે.
92. ભેંસના શિંગડાં ભેંસને ભારે. - પોતાની ખામીથી પોતાને જ નુકસાન થાય છે.
93. સૂંઠને ગાંગડે ગાંધી ન થવાય. - અલ્પ પ્રયાસથી મોટી સિદ્ધિ પ્રાપ્ત ન થાય.
94. વાડ ચીભડાં ગળે. - રક્ષક હોય તે જ ભક્ષક બને.
95. જીવતો નર ભદ્રા પામે. - જીવન બચે તો સુખ ગમે ત્યાંથી મળે.
96. નાનો પણ રાઈનો દાણો. - ઉંમર કે કદ ભલે નાનું પણ શક્તિ વધુ.
97. નાદારની દોસ્તીને જીવનું જોખમ. - ઓછી અક્કલવાળાની મિત્રતા સારી નહિ.
98. દયાને ડાકણ ખાય. - દયા કરવા જતાં આફત વહોરવી પડે.
99. માસી પરણ્યાં ને ફોઈ રાંડયાં. - બધું એકનું એક.
100. લાગ્યું તો તીર નહિતર તુક્કો. - સફળ થવાય તો ઠીક નહિતર ગુમાવવાનું શું?

# Check list

**અભ્યાસક્રમ આનુસાંગિક બાબત**

1. **Program outcomes અને Program Specific Outcomes દર્શાવેલ છે?** હા______
2. અભ્યાસક્રમ અંતર્ગતના ઓર્ડિનન્સ તથા રેગ્યુલેશન પ્રવેશ, પરીક્ષા અને પરિણામને ધ્યાને લઇ દર્શાવેલ છે ? હા_____
3. આ અભ્યાસક્રમમાં **Multiple Entry and Exit** ની જોગવાઈ કરેલ છે ? હા_
4. આ અભ્યાસક્રમ NEP-2020 ને ધ્યાને લઇ UGC દ્વારા પ્રકાશિત કરાયેલ **Curriculum & Credit Framework for 4 year Under Graduate Program** ગાઈડ લાઈન્સ તથા રાજ્ય સરકારશ્રીના તા.૧૧/૦૭/૨૦૨૩ના ઠરાવ ત્યારબાદ તા.૨૭/૦૭/૨૦૨૩ના રોજ પ્રકાશિત થયેલ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર તેમજ ત્યારબાદ તેને આનુસંગિક તા.૨૮/૦૭/૨૦૨૩ના રોજ આવેલ સુધારા મુજબ તૈયાર કરવામાં આવેલ છે ? હા____
5. IKS તથા VAC આનુસંગિક અભ્યાસક્રમ તથા બાસ્કેટ રાજય સરકારશ્રીના તા.૧૧/૦૭/૨૦૨૩ના ઠરાવ મુજબ તૈયાર કરવામાં આવેલ છે ? હા______

**વિષય આનુસાંગિક બાબત (દરેક વિષયની શરુઆતમાં નીચેની બાબત દર્શાવવાની રહેશે)**

1. **Course Outcomes** દરેક વિષયની શરૂઆતમાં દર્શાવેલ છે ? હા__
2. **Employability/Entrepreneurship/Skill Development** પર કેન્દ્રિત થયેલ છે કે નહિ ? હા
3. **Value added Courses Imparting Transferable and Life Skills** ના ગુણો ધરાવે છે ? હા_
4. **Major** ☐ **Minor** ☐ **Skill Enhancement Courses** √
   **Ability Enhancement Courses** ☐ **Value Added Courses** ☐ **Exit/ Vocational Courses** ☐
5. **Holistic Education** ☐ **Multidisciplinary** ☐ **Interdisciplinary** ☐ **IKS** ☐
6. દિવ્યાંગ માટે વિષય અંતર્ગત આનુસાંગિક જોગવાઈ કરાયેલ છે ? ના___
7. **New India Literacy Programme (NILP)** મુજબનો વિષય છે ? હા_______
8. Swayam પ્લેટફોર્મ પરના MOOC વિષય પર આધારિત આ વિષય છે ? હા___

**Board of Studies in the subject** Gujarati **Faculty of** Arts____

**Chairman**
**Date : 24/05/2024**

# SAURASHTRA UNIVERSITY
# NEP 2020
# Semester: 03 (Three)
# Course: SEC-03: Gujarati
## Syllabus Structure for Theoretical Papers of Skill Enhancement Course
## (ક્ષમતા વૃદ્ધિ સૈદ્ધાંતિક પેપરનું અભ્યાસક્રમ માળખું)

### Part-A: Introduction
### વિભાગ – અ : પરિચય

| Program Name | Program Type | Program Year | Program Applied | Course Type |
|---|---|---|---|---|
| Bachelor of Arts Under Graduate | Under Graduate | 04 Year Honours & Research | June 2023 | Ability Enhancement Course |

| | | |
|---|---|---|
| 1 | **Semester :** | **03 (Three)** |
| 2 | **Course/Subject :** | **SEC-03 : Gujarati** |
| 3 | **Course Code :** | |
| 4 | **Course Title : (અભ્યાસક્રમનું શીર્ષક)** | ▪ **ગુજરાતી પ્રૂફવાચન અને જોડણી -૨** |
| 5 | **Course Type : (અભ્યાસક્રમનો પ્રકાર) (DSC/IDC/MDC/AEC/ SEC/CVC/IKS)** | ▪ **Skill Enhancement Course (AEC)** |
| 6 | **Course Learning Outcomes (CLO)** | ▪ **Outcomes:**<br>○ વિદ્યાર્થીઓને ભાષાકીય જ્ઞાન આપવું તેમજ વિદ્યાર્થીઓમાં ભાષાકીય ભૂલ શોધવાની વિશેષ દૃષ્ટિ કેળવવી.<br>○ પ્રૂફ-વાચનનું કૌશલ કેળવવું.<br>▪ **Course Learning Outcomes :**<br>○ પ્રૂફ-વાચનનું કૌશલ હાંસલ કરવાથી વિદ્યાર્થી નોકરી દ્વારા કે વ્યક્તિગત કૌશલથી આર્થિક ઉપાર્જન પ્રાપ્ત કરી શકશે.<br>○ ગુજરાત મૂલકી સેવાની સ્પર્ધાત્મક પરીક્ષાઓ પસાર કરવામાં ઉપયોગી બનશે. |
| 7 | **Credit Value** | **02 (Two)** |
| 8 | **Total Marks** | ▪ **Maximum Marks: 50 (25 + 25)** |
| 9 | **Passing Marks** | ▪ **Minimum Passing Marks: 18** |

ચેરમેન
ગુજરાતી અભ્યાસ સમિતિ

<table>
<tr><th colspan="3">Part-B: Content of the Course<br>વિભાગ – બ : અભ્યાસક્રમની સામગ્રી</th></tr>
<tr><th colspan="3">▪ Total Number of Lectures and Tutorials-30 (02 hours per week)<br>▪ A Semester Comprises 90 Working Days</th></tr>
<tr><th>Unit</th><th>Topics<br>▪ ત્રીજા સેમેસ્ટર માટે અભ્યાસક્રમ :<br>○ ગુજરાતી પ્રૂફવાચન અને જોડણી -3</th><th>Number of Lectures</th></tr>
<tr><td>1</td><td>▪ વિરામચિહ્નો :<br>○ અલ્પવિરામ, અર્ધવિરામ, પૂર્ણવિરામ, ગુરૂવિરામ.<br>○ આશ્ચર્ય ચિહ્ન, પ્રશ્નાર્થચિહ્ન, અવતરણચિહ્ન, લોપચિહ્ન, એજનચિહ્ન.<br>○ લઘુરેખા, ગુરુરેખા, તિર્યકરેખા.<br>○ લઘુકૌંસ, ગુરુકૌંસ, છગડિયો કૌંસ<br>○ ખંડવર્ણ, કાકપદ (ઘોડી), ફૂદડી<br>▪ વિભક્તિ :<br>○ વિભક્તિ અને તેનાં પ્રકારો, વિભક્તિ દર્શક અનુગો અને નામયોગીઓ</td><td>15</td></tr>
<tr><td>2</td><td>▪ સમાસ : સમાસ અને સમાસના પ્રકાર :<br>○ સર્વપદપ્રધાન સમાસ<br>○ એકપદપ્રધાન સમાસ<br>○ અન્યપદપ્રધાન સમાસ<br>(ગુજરાતી ભાષાની વાસ્તવિક સ્થિતિને લક્ષમાં રાખી સમસનો પરિચય કરાવવો.)<br>▪ સંધિ : સંધિના પ્રકારો અને નિયમો :<br>○ સ્વરસંધિ અને તેનાં નિયમો<br>○ વ્યંજનસંધિ અને તેનાં નિયમો<br>○ વિસર્ગસંધિ અને તેનાં નિયમો<br>(ઉપરોક્ત સંધિ પ્રકારોનો પ્રાથમિક અભ્યાસ અને પ્રકારો પર પ્રશ્ન પૂછવા)<br>○ સંધિવિગ્રહ<br>(ઉપરોક્ત સંધિ પ્રકારોમાંથી મહત્ત્વનાં સંધિ-શબ્દોનો અભ્યાસ કરાવવો. મૂલ્યાંકનમાં એક સંધિવિગ્રહનો એક ગુણભાર રાખવો)</td><td>15</td></tr>
<tr><td colspan="3">Keywords/Tags: માતૃભાષાની સજ્જતાથી વિદ્યાર્થીઓમાં લેખન-સર્જન, સંવાદ, ઉદબોધન, અભિવ્યક્તિ જેવાં કૌશલનું સંવર્ધન.</td></tr>
</table>

## Part-C : Learning Resources
## વિભાગ – ક : પાઠ્યક્રમ તેમજ સંદર્ભ સાહિત્ય
## Text Books, Reference Books, Other resources
## (પાઠ્ય પુસ્તકો, સંદર્ભ પુસ્તકો, અન્ય સંસાધનો)

- **સંદર્ભગ્રંથ સૂચિ :**
  - પ્રૂફ-વાચન – રતિલાલ સાં. નાયક, અનાડા બૂક ડીપો
  - ભાષા સજ્જતા અને લેખન કૌશલ – ડૉ. યોગેન્દ્ર વ્યાસ; પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ
  - ભાષા વિવેક – પ્રકાશન : ભાષાનિયામકની કચેરી, ગાંધીનગર
  - અપઠિત – સં. પ્રકાશ રાવલ, રાવલ પ્રકાશન, પાટણ
  - ભાષા લેખન-કે. કા. શાસ્ત્રી, લક્ષ્મી પુસ્તક ભંડાર, અમદાવાદ
  - અપઠિત લેખન કૌશલ અને પરિશીલન - ડૉ. નીતિન વડગામા, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ
  - ગુજરાતી લેખન, - ડૉ. નિયતિ અંતાણી
  - પાયાનો પર્યાયકોશ, - ડૉ. મફતલાલ ભાવસાર, પ્રકાશન આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.
  - ગુજરાતી ભાષાનું વ્યાકરણ, - યોગેન્દ્ર વ્યાસ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ
  - ગુજરાતી શબ્દાર્થ કોશ, - સં. યોગેન્દ્ર વ્યાસ, અરવિંદ ભાંડારી, અરુણોદય પ્રકાશન
  - ગુજરાતી જીપીએસસી – પ્રિલિમ, - ડૉ. અર્ચના પટેલ, અરુણોદય પ્રકાશન
  - વ્યાકરણવિમર્શ ગુજરાતી ભાષા, - ડૉ. નિયતિ અંતાણી
  - ગુજરાતી વ્યાવહારિક વ્યાકરણ, - અરવિંદ ભાંડારી, અરુણોદય પ્રકાશન
  - ગુજરાતી વ્યાકરણ, - સં. ઘનશ્યામભાઈ ચુડાસમા, વર્લ્ડ ઈનબોક્સ
  - ગુજરાતી વ્યાકરણ અને ગુજરાતી સાહિત્ય, - કનાલા ધર્મેન્દ્ર એ., નવયુગ પબ્લીકેશન
  - **E-Resource Link :**
    - https://gujarativishwakosh.org/
    - https://www.youtube.com/watch?v=Mz9BLShrfTg
    - https://listrovert.com/proofreading-kya-hota-hai-in-hindi/
    - https://www.indiaspeaksdaily.com/proof-reading-and-its-need

**Suggested equivalent online courses:**

## Part - D : Assessment and Evaluation
## વિભાગ – ૪ : પરીક્ષણ અને મૂલ્યાંકન

**Suggested Continuous Evaluation Methods :**

- **Maximum Marks : 50 :**
  1. Continuous Comprehensive Evaluation (CCE) : 50% (25) Marks
  2. Semester End Evaluation (SEE): 50% (25) Marks

| | | |
|---|---|---|
| **Internal Assessment :** Continuous Comprehensive Evaluation (CCE) : 50% (25 Marks) | • Class Test (Monthly)<br>• Assignment (Class & Home)<br>• Quiz / Objective (MCQ)Test | 10<br>10<br>05<br>**Total Marks 25** |
| **External Assessment :** Semester End Evaluation (SEE): 50% (25) Marks<br>Time : 01:30 Hours | ▪ **Section (A) :**<br>○ Two Long Question<br>▪ **Section (B) :**<br>○ Fourteen Multiple Choice Questions | 02 X 10 = 20<br>05 X 01 = 05<br>**Total Marks 25** |

❖ ગુજરાતી વિષયના 25 ગુણનાં પ્રશ્નપત્રનું માળખું (આ પેપરનું પ્રશ્નપત્રનું માળખું નીચે મુજબ રહેશે.)

પ્રશ્ન-1.______________________________________________________________________(10)

અથવા

પ્રશ્ન-1. ______________________________________________________________________(10)

પ્રશ્ન-2. ______________________________________________________________________(10)

અથવા

પ્રશ્ન-2. ______________________________________________________________________(10)

(A)____________________________________________

(B)____________________________________________

પ્રશ્ન-5. પાંચ બહુવિકલ્પ પ્રશ્નો (MCQ) (05)

# Check list

<u>અભ્યાસક્રમ આનુસાંગિક બાબત</u>

1. Program outcomes અને Program Specific Outcomes દર્શાવેલ છે? હા______
2. અભ્યાસક્રમ અંતર્ગતના ઓર્ડિનન્સ તથા રેગ્યુલેશન પ્રવેશ, પરીક્ષા અને પરિણામને ધ્યાને લઇ દર્શાવેલ છે ? હા_____
3. આ અભ્યાસક્રમમાં Multiple Entry and Exit ની જોગવાઈ કરેલ છે ? હા_
4. આ અભ્યાસક્રમ NEP-2020 ને ધ્યાને લઇ UGC દ્વારા પ્રકાશિત કરાયેલ Curriculum & Credit Framework for 4 year Under Graduate Program ગાઈડ લાઈન્સ તથા રાજય સરકારશ્રીના તા.૧૧/૦૭/૨૦૨૩ના ઠરાવ ત્યારબાદ તા.૨૭/૦૭/૨૦૨૩ના રોજ પ્રકાશિત થયેલ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર તેમજ ત્યારબાદ તેને આનુસંગિક તા.૨૮/૦૭/૨૦૨૩ના રોજ આવેલ સુધારા મુજબ તૈયાર કરવામાં આવેલ છે ? હા____
5. IKS તથા VAC આનુસંગિક અભ્યાસક્રમ તથા બાસ્કેટ રાજય સરકારશ્રીના તા.૧૧/૦૭/૨૦૨૩ના ઠરાવ મુજબ તૈયાર કરવામાં આવેલ છે ? હા______

<u>વિષય આનુસાંગિક બાબત (દરેક વિષયની શરુઆતમાં નીચેની બાબત દર્શાવવાની રહેશે)</u>

1. Course Outcomes દરેક વિષયની શરૂઆતમાં દર્શાવેલ છે ? હા__
2. Employability/Entrepreneurship/Skill Development પર કેન્દ્રિત થયેલ છે કે નહિ ? હા
3. Value added Courses Imparting Transferable and Life Skills ના ગુણો ધરાવે છે ? હા_
4. Major ☐ Minor ☐ Skill Enhancement Courses ☐
   Ability Enhancement Courses ☐ Value Added Courses ☐ Exit/ Vocational Courses ☐
5. Holistic Education ☐ Multidisciplinary ☐ Interdisciplinary ☐ IKS ☑ √
6. દિવ્યાંગ માટે વિષય અંતર્ગત આનુસાંગિક જોગવાઈ કરાયેલ છે ? ના___
7. New India Literacy Programme (NILP) મુજબનો વિષય છે? હા__
8. Swayam પ્લેટફોર્મ પરના MOOC વિષય પર આધારિત આ વિષય છે ? હા___

**Board of Studies in the subject Gujarati      Faculty of Arts____**



**Chairman**
**Date: 24/05/2024**

# SAURASHTRA UNIVERSITY
# NEP 2020
# Semester: 03 (Three)
# Course: IKS-02: Gujarati
## Syllabus Structure for Theoretical Papers of Indian Knowledge Systems (IKS) Course
## (ભારતીય જ્ઞાન પ્રણાલીઓના સૈદ્ધાંતિક પેપરનું અભ્યાસક્રમ માળખું)

| **Part-A: Introduction**<br>**વિભાગ – અ : પરિચય** | | | | |
|---|---|---|---|---|
| **Program Name** | **Program Type** | **Program Year** | **Program Applied** | **Course Type** |
| **Bachelor of Arts Under Graduate** | **Under Graduate** | **04 Year Honours & Research** | **June 2023** | **IKS Course** |

| | | |
|---|---|---|
| 1 | **Semester :** | **03 (Three)** |
| 2 | **Course/Subject :** | **IKS-02 : Gujarati** |
| 3 | **Course Code :** | |
| 4 | **Course Title :**<br>**(અભ્યાસક્રમનું શીર્ષક)** | **ભારતીય જ્ઞાન પરંપરા : ગુજરાતી સંત કવિ : ભોજા ભગત :**<br>**'ભોજા ભાગતના ચાબખા'** |
| 5 | **Course Type : (અભ્યાસક્રમનો પ્રકાર)**<br>(DSC/IDC/MDC/AEC/SEC/CVC/IKS | **Indian Knowledge Systems Course** (IKS) |
| 6 | **Course Learning Outcomes (CLO)** | **Outcomes:**<br>o ગુજરાતી સંતવાણી એ ભારતીય ધર્મ-સંસ્કૃતિનું શાસ્ત્ર છે. જ્ઞાનમાર્ગી ભોજા ભગતના ચાબખાના અધ્યયનથી વિદ્યાર્થીઓ ભારતીય જ્ઞાન પરંપરાથી અભિમુખ થશે.<br>o વિદ્યાર્થીઓમાં ભારતીય પરંપરાના જીવનમૂલ્યોનું સિંચન થશે. |
| 7 | **Credit Value** | **02 (Two)** |
| 8 | **Total Marks** | ▪ **Maximum Marks: 50 (25 + 25)** |
| 9 | **Passing Marks** | ▪ **Minimum Passing Marks: 18** |

ચેરમેન
ગુજરાતી અભ્યાસ સમિતિ

## Part-B: Content of the Course
## વિભાગ – બ : અભ્યાસક્રમની સામગ્રી

**Total Number of Lectures and Tutorials-30 (02 hours per week)**
**A Semester Comprises 90 Working Days**

| Unit | Topics | Number of Lectures |
|---|---|---|
| | **ભારતીય જ્ઞાન પરંપરા : ગુજરાતી સંત કવિ : ભોજા ભગત : 'ભોજા ભાગતના ચાબખા'** - સંપાદક: મનસુખલાલ સાવલિયા | |
| 1 | ▪ ભોજા ભગતનું જીવન<br>▪ ભોજા ભગતની કાવ્યસાધના<br>▪ ભોજા ભગતની વાણીમાં સમાજદર્શન<br>▪ ભોજા ભગતના ચાબખાની મહાત્મા ગાંધી ઉપર અસર<br>▪ ભોજા ભગતના ચાબખામાં ભારતીય જ્ઞાનપરંપરા | 15 |
| 2 | ▪ **પસંદગીના ચાબખાઓ :**<br>○ ભક્તિ શૂરવીરની સાચી<br>○ મુરખા ! જનમ ગયો તારો<br>○ પ્રાણીયા ! ભજી લેને કિરતાર<br>○ મુરખને કઈ પેરે સમજાવું !<br>○ મન તું હજું શિખામણ માન<br>○ સુરતી શામ શું સાંધો રે<br>○ પિયાલો પીને થયા ચકચૂર<br>○ જોઈ લ્યો જગતના બાવા<br>○ જીવ! તું જોને અભાગિયા<br>○ જીવને શ્વાસ તણી સગાઈ<br>○ મુરખની દાઢી થઈ ધોળી | 15 |

**Keywords/Tags:** પ્રાચીન, પૌરાણિક ભારતીય જીવનમૂલ્યોનું સિંચન અને કૌશલ સંવર્ધન.

## Part-C : Learning Resources
## (વિભાગ – ક : પાઠ્યક્રમ તેમજ સંદર્ભ સાહિત્ય)

### Text Books, Reference Books, Other resources
### (પાઠ્ય પુસ્તકો, સંદર્ભ પુસ્તકો, અન્ય સંસાધનો)

- **સંદર્ભગ્રંથ સૂચિ :**
  - ભોજા ભગતના ચાબખા - લેખક મનસુખલાલ સાવલિયા પ્રકાશક: પ્રવીણ પ્રકાશન, રાજકોટ.
  - ભોજલવાણીનું અમૃત વરસે અનરાધાર સંપાદક: મનસુખલાલ  સાવલિયા પ્રકાશક: ડૉ.જયદીપકુમાર ડી.સાવલિયા, અમરેલી.
  - સંતકવિ ભોજલરામ - પરંપરા અને પ્રદાન - સંપાદકો: મનસુખલાલ  સાવલિયા તથા અન્ય પ્રકાશક: પ્રવીણ પ્રકાશન, રાજકોટ.
  - ભોજા ભગતની વાણી- સંપાદકો: મનસુખલાલ  સાવલિયા તથા અન્ય પ્રકાશક: વેકો ફિલાનથરોફિક ટ્રસ્ટ, રાજકોટ.
  - ભોજા ભક્ત-એક પાવન દર્શન-લેખક: નિખિલકુમાર બી.સાવલિયા, પ્રકાશક: ભોજા ભગત ચેરીટેબલ ટ્રસ્ટ, અમરેલી.
  - ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ગ્રંથ-૨ ખંડ-૧, સંપાદકો: ઉમાશંકર જોશી તથા અન્ય ,પ્રકાશક ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદ.
  - મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનમાર્ગી કવિતા સંપાદક- ડૉ. બળવંત જાની, પાશ્વ પ્રકાશન, અમદાવાદ.

- **E-Resource Link :**
  - https://gu.wikipedia.org/wiki/%E0%AA%AD%E0%AB%8B%E0%AA%9C%E0%AA%BE_%E0%AA%AD%E0%AA%97%E0%AA%A4
  - https://gujarativishwakosh.org/%E0%AA%AD%E0%AB%8B%E0%AA%9C%E0%AB%8B-%E0%AA%AD%E0%AA%97%E0%AA%A4/
  - https://gu.wikisource.org/wiki/%E0%AA%B8%E0%AA%B0%E0%AB%8D%E0%AA%9C%E0%AA%95:%E0%AA%AD%E0%AB%8B%E0%AA%9C%E0%AA%BE_%E0%AA%AD%E0%AA%97%E0%AA%A4
  - https://gu.wikiquote.org/wiki/%E0%AA%B6%E0%AB%8D%E0%AA%B0%E0%AB%87%E0%AA%A3%E0%AB%80:%E0%AA%AD%E0%AB%8B%E0%AA%9C%E0%AA%BE_%E0%AA%AD%E0%AA%97%E0%AA%A4%E0%AA%A8%E0%AA%BE_%E0%AA%9A%E0%AA%BE%E0%AA%AC%E0%AA%96%E0%AA%BE

**Suggested equivalent online courses:**

| **Part - D : Assessment and Evaluation**<br>**વિભાગ – ડ : પરીક્ષણ અને મૂલ્યાંકન** | | |
|---|---|---|
| **Suggested Continuous Evaluation Methods :**<br>▪ **Maximum Marks : 50 :**<br>1. Continuous Comprehensive Evaluation (CCE) : 50% (25) Marks<br>2. Semester End Evaluation (SEE): 50% (25) Marks | | |
| **Internal Assessment :**<br>Continuous Comprehensive Evaluation (CCE) : 50% (25 Marks) | • Class Test (Monthly)<br>• Assignment (Class & Home)<br>• Quiz / Objective (MCQ)Test | 10<br>10<br>05<br>**Total Marks 25** |
| **External Assessment :**<br>Semester End Evaluation (SEE): 50% (25) Marks<br>Time : 01:30 Hours | ▪ **Section (A) :**<br>○ Two Long Question<br>▪ **Section (B) :**<br>○ Fourteen Multiple Choice Questions | 02 X 10 = 20<br>05 X 01 = 05<br>**Total Marks 25** |

❖ ગુજરાતી વિષયના 25 ગુણનાં પ્રશ્નપત્રનું માળખું (આ પેપરનું પ્રશ્નપત્રનું માળખું નીચે મુજબ રહેશે.)

પ્રશ્ન-1.________________________________________________________________________(10)

અથવા

પ્રશ્ન-1. ________________________________________________________________________(10)

પ્રશ્ન-2. ________________________________________________________________________(10)

અથવા

પ્રશ્ન-2. ________________________________________________________________________(10)

(A)_____________________________________________

(B)_____________________________________________

પ્રશ્ન-5. પાંચ બહુવિકલ્પ પ્રશ્નો (MCQ) (05)

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

## એકેડેમિક વિભાગ

યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫

ફોન નં.(૦૨૮૧)૨૫૭૮૫૦૧ એક્સટે. નં.૨૦૨, ૩૦૪ ફેક્સ નં.(૦૨૮૧)૨૫૭૬૩૪૭ ઈ-મેઈલ :
academic@sauuni.ac.in


---

**NAME OF PROGRAM : Bachelor of Arts**

**TYPE OF PROGRAM :** ~~Certificate / Diploma /~~ Under Graduate /
~~Post Graduate Diploma / Post Graduate /~~
~~5 Years Integrated~~

**NUMBER OF YEARS OF PROGRAM :** 4 (Four)

**Approved by**

**Name of Board of Studies :** Gujarati **Dt.** 24/05/2024

**Name of Faculty :** Arts **Dt** ....................

**Date of Academic Council Meeting** ................................

**Date of B.O.M Meeting** 07/02/2024

**Board of Studies in the subject:** Gujarati **Faculty of** Arts

**Chairman**

**Date : 24/05/2024**

# Check list

<u>અભ્યાસક્રમ આનુસાંગિક બાબત</u>

1. Program outcomes અને Program Specific Outcomes દર્શાવેલ છે? <u>હા______</u>
2. અભ્યાસક્રમ અંતર્ગતના ઓર્ડિનન્સ તથા રેગ્યુલેશન પ્રવેશ, પરીક્ષા અને પરિણામને ધ્યાને લઇ દર્શાવેલ છે ? <u>હા_____</u>
3. આ અભ્યાસક્રમમાં Multiple Entry and Exit ની જોગવાઈ કરેલ છે ? <u>હા_______</u>
4. આ અભ્યાસક્રમ NEP-2020 ને ધ્યાને લઇ UGC દ્વારા પ્રકાશિત કરાયેલ Curriculum & Credit Framework for 4 year Under Graduate Program ગાઈડ લાઈન્સ તથા રાજ્ય સરકારશ્રીના તા.૧૧/૦૭/૨૦૨૩ના ઠરાવ ત્યારબાદ તા.૨૭/૦૭/૨૦૨૩ના રોજ પ્રકાશિત થયેલ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર તેમજ ત્યારબાદ તેને આનુસંગિક તા.૨૮/૦૭/૨૦૨૩ના રોજ આવેલ સુધારા મુજબ તૈયાર કરવામાં આવેલ છે ? <u>હા____</u>
5. IKS તથા VAC આનુસંગિક અભ્યાસક્રમ તથા બાસ્કેટ રાજ્ય સરકારશ્રીના તા.૧૧/૦૭/૨૦૨૩ના ઠરાવ મુજબ તૈયાર કરવામાં આવેલ છે ? <u>હા______</u>

<u>વિષય આનુસાંગિક બાબત (દરેક વિષયની શરૂઆતમાં નીચેની બાબત દર્શાવવાની રહેશે)</u>

1. Course Outcomes દરેક વિષયની શરૂઆતમાં દર્શાવેલ છે ? <u>હા__</u>
2. Employability/Entrepreneurship/Skill Development પર કેન્દ્રિત થયેલ છે કે નહિ ? <u>હા</u>
3. Value added Courses Imparting Transferable and Life Skills ના ગુણો ધરાવે છે ?<u>_હા</u>
4. Major [√] Minor [ ] Skill Enhancement Courses [ ]
   Ability Enhancement Courses [ ] Value Added Courses [ ] Exit/ Vocational Courses [ ]
5. Holistic Education [ ] Multidisciplinary [ ] Interdisciplinary [ ] IKS [ ]
6. દિવ્યાંગ માટે વિષય અંતર્ગત આનુસાંગિક જોગવાઈ કરાયેલ છે ? <u>ના___</u>
7. New India Literacy Programme (NILP) મુજબનો વિષય છે ? <u>હા_______</u>
8. Swayam પ્લેટફોર્મ પરના MOOC વિષય પર આધારિત આ વિષય છે ? <u>હા___</u>

**Board of Studies in the subject <u>Gujarati</u>** **Faculty of <u>Arts____</u>**



**Chairman**

**Date : 24/05/2024**

# SAURASHTRA UNIVERSITY
# NEP 2020
# Semester: 04 (Four)
# Course: Major - DSC-08: Gujarati
## Syllabus Structure for Theoretical Papers of Major - Disciplines Special Core Course
## (મુખ્ય શિસ્તના સૈદ્ધાંતિક પેપરનું માળખું)

**Part-A: Introduction**
**વિભાગ – અ : પરિચય**

| Program Name | Program Type | Program Year | Program Applied | Course Type |
|---|---|---|---|---|
| **Bachelor of Arts Under Graduate** | **Under Graduate** | **04 Year Honours & Research** | **June 2023** | **Major - Discipline Specific Courses** |

| | | |
|---|---|---|
| 1 | **Semester :** | **04 (Four)** |
| 2 | **Course/Subject :** | **Major - DSC-08 : Gujarati** |
| 3 | **Course Code :** | |
| 4 | **Course Title :**<br>**(અભ્યાસક્રમનું શીર્ષક)** | **ગ્રંથકારનો અભ્યાસ : પન્નાલાલ પટેલ (જીવન-કવન), કૃતિ: 'વીણેલી નવલિકાઓ'** |
| 5 | **Course Type :**<br>**(અભ્યાસક્રમનો પ્રકાર)** (DSC/IDC/ MDC/AEC/SEC/CVC/IKS | **Major- Discipline Specific Core Courses (DSC)** |
| 6 | **Course Learning Outcomes (CLO)** | **Outcomes:**<br>o વિદ્યાર્થીઓ અર્વાચીન ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય સાહિત્યકારના સમગ્ર સર્જન અને જીવનથી સુવિજ્ઞ થશે.<br>o વિદ્યાર્થીઓ પન્નાલાલ પટેલની નવલકથા 'મળેલા જીવ'નો ગહન અભ્યાસ કરશે.<br>o વિદ્યાર્થીઓ પન્નાલાલ પટેલની નવલિકા કલાથી અવગત થશે. |
| 7 | **Credit Value** | **04 (Four)** |
| 8 | **Total Marks** | ▪ **Maximum Marks: 50 + 50 = 100** |
| 9 | **Passing Marks** | ▪ **Minimum Passing Marks: 36** |

ચેરમેન
ગુજરાતી અભ્યાસ સમિતિ

## Part-B: Content of the Course
## વિભાગ – બ : અભ્યાસક્રમની સામગ્રી

**Total Number of Lectures and Tutorials-60 (04 hours per week)**
**A Semester Comprises 90 Working Days**

| Unit | Topics | Number of Lectures |
|---|---|---|
| | ▪ **ચોથા સેમેસ્ટર માટે અભ્યાસક્રમ :**<br>**ગ્રંથકારનો અભ્યાસ : પન્નાલાલ પટેલ (જીવન-કવન), કૃતિ: 'વીણેલી નવલિકાઓ'** | |
| 1 | ▪ ગુજરાતી નવલિકાસાહિત્યમાં પન્નાલાલ પટેલનું પ્રદાન<br>▪ પન્નાલાલ પટેલની જાનપદી નવલિકાઓ<br>▪ પન્નાલાલ પટેલની સામાજિક નવલિકાઓ<br>▪ પન્નાલાલ પટેલનું નાટ્ય સાહિત્ય | 12+04=16 (12 Lectures & 4 Tutorial) |
| 2 | ▪ 'વીણેલી નવલિકાઓ'નું સમગ્રલક્ષી મૂલ્યાંકન<br>▪ 'વીણેલી નવલિકાઓ'માં વિષયવૈવિધ્ય<br>▪ 'વીણેલી નવલિકાઓ'માં મનોસંઘર્ષ | 12+04= 16 |
| 3 | ▪ 'વીણેલી નવલિકાઓ'માં પન્નાલાલ પટેલની પાત્રાલેખનકલા<br>▪ 'વીણેલી નવલિકાઓ'નાં સ્ત્રીપાત્રો<br>▪ 'વીણેલી નવલિકાઓ'ના પુરુષપાત્રો | 09+03= 12 |
| 4 | સંક્ષિપ્ત નોંધ<br>▪ વાર્તાઓનું રસદર્શન : (પરીક્ષામાં બે નોંધ પૂછવામાં આવશે)<br>○ વાત્રકને કાંઠે<br>○ સાચી ગજિયાણીનું કાપડું<br>○ પીઠીનું પડીકું<br>○ ચીતરેલી દિવાલો<br>○ સુખદુઃખનાં સાથી. | 06+02= 08 |
| 5 | સંક્ષિપ્ત નોંધ (પરીક્ષામાં બે નોંધ પૂછવામાં આવશે)<br>▪ 'વીણેલી નવલિકાઓ'માં પરિવેશ<br>▪ 'વીણેલી નવલિકાઓ'ની નવલિકાઓમાં ભાષા-શૈલી<br>▪ 'વીણેલી નવલિકાઓ'માં સંવાદો<br>▪ 'વીણેલી નવલિકાઓ'માં વર્ણનો<br>▪ 'વીણેલી નવલિકાઓ'માં તમારી પ્રિય નવલિકા | 06+02= 08 |

નોંધ : ગ્રંથકારના જીવન અને સર્જનમાંથી બે MCQ અને 'વીણેલી નવલિકાઓ' કૃતિમાંથી આઠ MCQ એમ કુલ ૧૦ પૂછવામાં આવશે.

**Keywords/Tags:** ભારતીય જીવનમૂલ્યોનું સિંચન અને કૌશલ સંવર્ધન.

## Part-C : Learning Resources
## (વિભાગ – ક : પાઠ્યક્રમ તેમજ સંદર્ભ સાહિત્ય)

### Text Books, Reference Books, Other resources
### (પાઠ્ય પુસ્તકો, સંદર્ભ પુસ્તકો, અન્ય સંસાધનો)

**સંદર્ભગ્રંથ સૂચિ :**


- પન્નાલાલ પટેલ, રમણલાલ જોશી
- પન્નાલાલનું પ્રદાન, સં. રઘુવીર ચૌધરી અને રમેશ દવે, ગુજરાતી સાહિત્ય પરિષદ
- પન્નાલાલ અને ચુનીલાલ મડિયાની જાનપદી નવલકથાઓ, ડૉ. નવીન ધામેચા, પાર્શ્વ પ્રકાશન
- પન્નાલાલ પટેલ વ્યક્તિત્વ અને વાઙ્મય, બાબુદાવાલપુરા, પાર્શ્વ પ્રકાશન
- પન્નાલાલ પટેલ : રઘુવીર ચૌધરી, સાહિત્ય અકાદમી
- પન્નાલાલ પટેલ : પ્રમોદકુમાર પટેલ, ગુર્જર ગ્રંથરત્ન
- પન્નાલાલ પટેલની વીણેલી નવલિકાઓનો આસ્વાદ, જીજ્ઞેશ ઠક્કર, નીતિન રાઠોડ, ગુર્જર ગ્રંથરત્ન
- પન્નાલાલની શ્રેષ્ઠ વાર્તાઓ, સં. પન્નાલાલ પટેલ, સાધના પ્રકાશન
- અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ગ્રંથ-૬, ગુજરાતી સાહિત્ય પરિષદ
- ગુજરાતી સાહિત્યની વિકાસરેખા, ગાંધીયુગ ધીરુભાઈ ઠાકર
- અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, ધીરુભાઈ ઠાકર
- અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, રમેશ ત્રિવેદી
- ટૂંકીવાર્તા અને ગુજરાતી ટૂંકીવાર્તા-જયંત કોઠારી
- ટૂંકીવાર્તા સ્વરૂપ શ્રેણી- વિજય શાસ્ત્રી
- ટૂંકીવાર્તા અભ્યાસ અને આકલન-બિપિન આશર
- અધીત : પર્વ -૩- જે.એમ ચન્દ્રવાડિયા અને અન્ય
- તરસ્યા મલકનો મેઘ-મણીલાલ પટેલ
- સાંઠોતરી ગુજરાતી ટૂંકીવાર્તા-પારુલ પ્રસાદ પ્રધાન
- વિશ્વકક્ષાની ગુજરાતી વાર્તાઓ- સં.મોહન પરામર
- ટૂંકીવાર્તામાં કથનકેન્દ્ર- શિરીષ વીજળીવાળા
- સ્થિત્યન્તર- અજીત ઠાકોર


**E-Resource Link :**

- http://www.gujaratisahityaparishad.com/prakashan/photo-gallery/sahitya-sarjako/Pannalal-Patel.html
- https://en.wikipedia.org/wiki/Pannalal_Patel
- https://sureshbjani.wordpress.com/2006/12/02/pannalal-patel/
- http://www.e-shabda.com/Pannalal-Patel

**Suggested equivalent online courses:**

<table>
<tr><th colspan="3">Part - D : Assessment and Evaluation<br>વિભાગ – ૪ : પરીક્ષણ અને મૂલ્યાંકન</th></tr>
<tr><td colspan="3">Suggested Continuous Evaluation Methods :<br>▪ Maximum Marks : 100 :<br>1. Continuous Comprehensive Evaluation (CCE) : 50 Marks<br>2. University Exam (UE) : 50 Marks</td></tr>
<tr><td>Internal Assessment :<br>Continuous Comprehensive Evaluation (CCE) : 50</td><td>Class Test (Monthly)<br>Assignment<br>Presentation/MCQ</td><td>20<br>20<br>10<br>Total Marks 50</td></tr>
<tr><td>External Assessment :<br>University Exam Section : 50<br>Time : 02:00 Hours</td><td>Section (A) :<br>o Three Long Questions (1 OR 1)<br>Section (B) :<br>o Two Short Questions (A & B)<br>Section (D) :<br>o Ten Multiple Choice Questions</td><td>03 X 10 = 30<br><br>02 X 05 = 10<br><br>10 X 01 = 10<br><br>Total 50</td></tr>
</table>

❖ ગુજરાતી વિષયના 50 ગુણનાં પ્રશ્નપત્રનું માળખું (આ પેપરનું પ્રશ્નપત્રનું માળખું નીચે મુજબ રહેશે. )

પ્રશ્ન-1.________________________________________(10)

અથવા

પ્રશ્ન-1. ________________________________________(10)

પ્રશ્ન-2. ________________________________________(10)

અથવા

પ્રશ્ન-2. ________________________________________(10)

પ્રશ્ન-3. ________________________________________(10)

અથવા

પ્રશ્ન-3. ________________________________________(10)

પ્રશ્ન-4.________________________________________(10)

(A)______________________________

(B)______________________________

અથવા

પ્રશ્ન-4.________________________________________(10)

(A)______________________________

(B)______________________________

પ્રશ્ન-5. દસ બહુવિકલ્પ પ્રશ્નો (MCQ) (10)

# SAURASHTRA UNIVERSITY
# NEP 2020
## Semester: 04 (Four)
## Course: Major - DSC-09: Gujarati
### Syllabus Structure for Theoretical Papers of Major - Disciplines Special Core Course
### (મુખ્ય શિસ્તના સૈદ્ધાંતિક પેપરનું માળખું)

| Part-A: Introduction<br>વિભાગ – અ : પરિચય | | | | |
|---|---|---|---|---|
| **Program Name** | **Program Type** | **Program Year** | **Program Applied** | **Course Type** |
| **Bachelor of Arts Under Graduate** | **Under Graduate** | **04 Year Honours & Research** | **June 2023** | **Major - Discipline Specific Courses** |

| | | |
|---|---|---|
| 1 | **Semester :** | **04 (Four)** |
| 2 | **Course/Subject :** | **Major - DSC-09 : Gujarati** |
| 3 | **Course Code :** | |
| 4 | **Course Title :**<br>**(અભ્યાસક્રમનું શીર્ષક)** | **અદ્યતન કૃતિનો અભ્યાસ : 'પસંદગીનાં અર્વાચીન કાવ્યો'** |
| 5 | **Course Type :**<br>**(અભ્યાસક્રમનો પ્રકાર)** (DSC/IDC/ MDC/AEC/SEC/CVC/IKS | **Major- Discipline Specific Core Courses (DSC)** |
| 6 | **Course Learning Outcomes (CLO)** | **Outcomes:**<br>o વિદ્યાર્થીઓ અર્વાચીન ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય સાહિત્યકારના સમગ્ર સર્જન અને જીવનથી સુવિજ્ઞ થશે.<br>o વિદ્યાર્થીઓ પન્નાલાલ પટેલની નવલકથા 'મળેલા જીવ'નો ગહન અભ્યાસ કરશે.<br>o વિદ્યાર્થીઓ પન્નાલાલ પટેલની નવલિકા કલાથી અવગત થશે. |
| 7 | **Credit Value** | **04 (Four)** |
| 8 | **Total Marks** | ▪ **Maximum Marks: 50 + 50 = 100** |
| 9 | **Passing Marks** | ▪ **Minimum Passing Marks: 36** |

ચેરમેન
ગુજરાતી અભ્યાસ સમિતિ

<table>
<tr><th colspan="3">Part-B: Content of the Course<br>વિભાગ – બ : અભ્યાસક્રમની સામગ્રી</th></tr>
<tr><td colspan="3">Total Number of Lectures and Tutorials-60 (04 hours per week)<br>A Semester Comprises 90 Working Days</td></tr>
<tr><th>Unit</th><th>Topics</th><th>Number of Lectures</th></tr>
<tr><td></td><td>▪ ચોથા સેમેસ્ટર માટે અભ્યાસક્રમ :<br>અદ્યતન કૃતિનો અભ્યાસ : 'પસંદગીનાં અર્વાચીન કાવ્યો'</td><td></td></tr>
<tr><td>1</td><td>▪ 'પસંદગીનાં અર્વાચીન કાવ્યો'માં સમાવિષ્ટ ગીત રચનાની સૂચિ:<br>૧. બારી બહાર - પ્રહલાદ પારેખ (બારી બહાર)<br>૨. માંડ રે મળી છે - હરીન્દ્ર દવે (હયાતી)<br>૩. આપણાં દુ:ખનું કેટલું જોર- રાજેન્દ્ર શાહ (ધ્વનિ)<br>૪. વરસાદ ભીંજવે- રમેશ પારેખ (ક્યાં)<br>૫. કોને હોઠે ?- મનોહર ત્રિવેદી (છુટ્ટી મૂકી વીજ)<br>૬. તો અમે આવીએ - વિનોદ જોશી (ઝાલર વાગે જૂઠડી)<br>▪ 'પસંદગીનાં અર્વાચીન કાવ્યો'માં સમાવિષ્ટ ગીત રચનાનું સમગ્રલક્ષી મૂલ્યાંકન<br>▪ કાવ્ય આસ્વાદ<br>૧. બારી બહાર - પ્રહલાદ પારેખ (બારી બહાર)<br>૨. આપણાં દુ:ખનું કેટલું જોર- રાજેન્દ્ર શાહ (ધ્વનિ)<br>૩. વરસાદ ભીંજવે- રમેશ પારેખ (ક્યાં)</td><td>12+04=16 (12 Lectures & 4 Tutorial)</td></tr>
<tr><td>2</td><td>▪ 'પસંદગીનાં અર્વાચીન કાવ્યો'માં સમાવિષ્ટ સૉનેટ રચનાની સૂચિ:<br>૧. વધામણી - બળવંતરાય ઠાકોર (ભણકારા)<br>૨. બળતાં પાણી - ઉમાશંકર જોશી (ગંગોત્રી)<br>૩. ઉમા મહેશ્વર - રા.વિ.પાઠક (શેષનાં કાવ્યો)<br>૪. વતનથી વિદાય થતાં - જયંત પાઠક (વગડાનો શ્વાસ)<br>૫. ગાંધી ! - સુન્દરમ (ચૂંટેલી કવિતા)<br>૬. જૂનું ઘર ખાલી કરતાં - બાલમુકુન્દ દવે (એકાવન કાવ્યો)<br>▪ 'પસંદગીનાં અર્વાચીન કાવ્યો'માં સમાવિષ્ટ સૉનેટરચનાનું સમગ્રલક્ષી મૂલ્યાંકન<br>▪ 'અર્વાચીન કાવ્યો'માં સમાવિષ્ટ સૉનેટમાં ચિંતન<br>▪ કાવ્ય આસ્વાદ<br>૧. વધામણી- બળવંતરાય ઠાકોર (ભણકારા)<br>૨. બળતાં પાણી- ઉમાશંકર જોશી (ગંગોત્રી)<br>૩. જૂનું ઘર ખાલી કરતાં- બાલમુકુન્દ દવે (એકાવન કાવ્યો)</td><td>12+04=16</td></tr>
<tr><td>3</td><td>▪ <u>'પસંદગીનાં અર્વાચીન કાવ્યો'માં સમાવિષ્ટ ગઝલ રચનાની સૂચિ:</u></td><td>09+03=12</td></tr>
</table>

| | | | |
|---|---|---|---|
| | ૧. વહેંચાઇ જવામાં લિજ્જત છે.- અમૃત ઘાયલ (આઠોં જામ ખુમારી)<br>૨. દિવસો જુદાઈના જાય છે - ગની દહીંવાળા (ગાતાં ઝરણાં)<br>૩. તમારા પ્રતાપે બધાં ઓળખે- શૂન્ય પાલનપુરી (શૂન્યની સૃષ્ટિ)<br>૪. મળે ન મળે- આદિલ મન્સૂરી (મળે ન મળે)<br>૫. હજો હાથ કરતાલ- રાજેન્દ્ર શુકલ (કોમલ રિષભ)<br>૬. પર્વતને નામે પથ્થર- ચિનુ મોદી 'ઈર્શાદ' (ઈર્શાદગઢ)<br>▪ **'પસંદગીનાં અર્વાચીન કાવ્યો'માં સમાવિષ્ટ ગઝલરચનાનું સમગ્રલક્ષી મૂલ્યાંકન**<br>▪ **કાવ્ય આસ્વાદ :**<br>૧. વહેંચાઇ જવામાં લિજ્જત છે.- અમૃત ઘાયલ (આઠોં જામ ખુમારી)<br>૨. તમારા પ્રતાપે બધાં ઓળખે- શૂન્ય પાલનપુરી (શૂન્યની સૃષ્ટિ)<br>૩. મળે ન મળે- આદિલ મન્સૂરી (મળે ન મળે) | |
| 4 | ▪ **'પસંદગીનાં અર્વાચીન કાવ્યો'માં સમાવિષ્ટ ખંડકાવ્યોની સૂચિ:**<br>૧. ગ્રામમાતા (ગ્રામ્ય માતા) - 'કલાપી' (કલાપીનો કેકારવ)<br>૨. અતિજ્ઞાન - 'કાન્ત' (પૂર્વાલાપ, પૃ. ૭૩-૭૫)<br>૩. પરાજયની જીત - પ્રહ્લાદ પારેખ (બારી બહાર)<br>▪ **'પસંદગીનાં અર્વાચીન કાવ્યો'માં સમાવિષ્ટ ખંડકાવ્યોનું સમગ્રલક્ષી મૂલ્યાંકન**<br>▪ **'અર્વાચીન કાવ્યો'માં સમાવિષ્ટ ખંડકાવ્યોમાં મનોસંઘર્ષ**<br>▪ **કાવ્ય આસ્વાદ :**<br>૧. ગ્રામમાતા (ગ્રામ્ય માતા) - 'કલાપી' (કલાપીનો કેકારવ)<br>૨. અતિજ્ઞાન - 'કાન્ત' (પૂર્વાલાપ, પૃ. ૭૩-૭૫) | 06+02=<br>08 |
| 5 | **સક્ષિપ્ત નોંધ :**<br>▪ **'પસંદગીનાં અર્વાચીન કાવ્યો'માં સમાવિષ્ટ મુક્તકોની સૂચિ:**<br>૧. આવ - બરકત વિરાણી બેફામ<br>૨. જોઈએ - શૂન્ય પાલનપુરી<br>૩. દિલ – મનહર મોદી<br>૪. કે'જે મને – ખલીલ ધનતેજવી<br>૫. આ ગઝલ - વિવેક મનહર ટેલર<br>૬. કોણ પૂછે છે - કૈલાસ પંડિત<br>૭. પૂરતું છે - રાજેશ વ્યાસ 'મિસ્કીન'<br>૮. સમય - ભગવતીકુમાર શર્મા<br>૯. ચેતજે - રઈશ મણિયાર | 06+02=<br>08 |

| | | |
|---|---|---|
| | ૧૦. ટાંકણાના ઘા - મુકુન્દરાય પારાશર્ય<br>(નોંધ: 'પસંદગીની અર્વાચીન કાવ્યો'માં સમાવિષ્ટ મુક્તક રચનાઓનું સમગ્રલક્ષી મૂલ્યાંકન પૂછાશે નહી. ફક્ત અધ્યાપક કક્ષાએ મુક્તક સ્વરૂપ વિષે સમજણ આપવી અપેક્ષિત છે.) | |

**નોંધ : ૧, દરેક એકમમાંથી બે-બે MCQ પૂછાશે.**

**૨. અભ્યાસક્રમ માટે પસંદ કરેલી કાવ્યકૃતિઓની પ્રત પરિશિષ્ટ ૧ થી ૫ માં મૂકવામાં આવેલ છે.**

**Keywords/Tags:** ભારતીય જીવનમૂલ્યોનું સિંચન અને કૌશલ સંવર્ધન.

## Part-C : Learning Resources
## (વિભાગ – ક : પાઠ્યક્રમ તેમજ સંદર્ભ સાહિત્ય)

### Text Books, Reference Books, Other resources
### (પાઠ્ય પુસ્તકો, સંદર્ભ પુસ્તકો, અન્ય સંસાધનો)

**સંદર્ભગ્રંથ સૂચિ :**

- અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ગ્રંથ-૬, ગુજરાતી સાહિત્ય પરિષદ
- ગુજરાતી સાહિત્યની વિકાસરેખા, ગાંધીયુગ ધીરુભાઈ ઠાકર
- અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, ધીરુભાઈ ઠાકર
- અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, રમેશ ત્રિવેદી
- અર્વાચીન ગુજરાતી કાવ્ય સંપદા, સં. મધુસૂદન કાપડિયા, એકત્ર ફાઉન્ડેશન
- અર્વાચીન ગુજરાતી કાવ્ય સાહિત્ય, રા. વિ. પાઠક
- એકાવન કાવ્યો, સં. યોગેશ જોશી, ઊર્મિલા ઠાકર

**E-Resource Link :**

- https://ekatra.pressbooks.pub/kavyasvado/
- https://gujarativishwakosh.org/%E0%AA%85%E0%AA%B0%E0%AB%8D%E0%AA%B5%E0%AA%BE%E0%AA%9A%E0%AB%80%E0%AA%A8-%E0%AA%95%E0%AA%B5%E0%AA%BF%E0%AA%A4%E0%AA%BE/
- https://wiki.ekatrafoundation.org/wiki/%E0%AA%85%E0%AA%B0%E0%AB%8D%E0%AA%B5%E0%AA%BE%E0%AA%9A%E0%AB%80%E0%AA%A8_%E0%AA%97%E0%AB%81%E0%AA%9C%E0%AA%B0%E0%AA%BE%E0%AA%A4%E0%AB%80_%E0%AA%95%E0%AA%BE%E0%AA%B5%E0%AB%8D%E0%AA%AF%E0%AA%B8%E0%AA%82%E0%AA%AA%E0%AA%A6%E0%AA%BE
-

**Suggested equivalent online courses:**

| **Part - D : Assessment and Evaluation**<br>**વિભાગ – ડ : પરીક્ષણ અને મૂલ્યાંકન** | | |
|---|---|---|
| **Suggested Continuous Evaluation Methods :**<br>▪ **Maximum Marks : 100 :**<br>1. Continuous Comprehensive Evaluation (CCE) : 50 Marks<br>2. University Exam (UE) : 50 Marks | | |
| **Internal Assessment :**<br>Continuous Comprehensive Evaluation (CCE) : 50 | Class Test (Monthly)<br>Assignment<br>Presentation/MCQ | 20<br>20<br>10<br>**Total Marks 50** |
| **External Assessment :**<br>University Exam Section : 50<br>Time : 02:00 Hours | **Section (A) :**<br>○ Three Long Questions (1 OR 1)<br>**Section (B) :**<br>○ Two Short Questions (A & B)<br>**Section (D) :**<br>○ Ten Multiple Choice Questions | 03 X 10 = 30<br>02 X 05 = 10<br>10 X 01 = 10<br>**Total 50** |

❖ ગુજરાતી વિષયના 50 ગુણનાં પ્રશ્નપત્રનું માળખું (આ પેપરનું પ્રશ્નપત્રનું માળખું નીચે મુજબ રહેશે. )

પ્રશ્ન-1. ____________________ (10)

અથવા

પ્રશ્ન-1. ____________________ (10)

પ્રશ્ન-2. ____________________ (10)

અથવા

પ્રશ્ન-2. ____________________ (10)

પ્રશ્ન-3. ____________________ (10)

અથવા

પ્રશ્ન-3. ____________________ (10)

પ્રશ્ન-4. ____________________ (10)

(A) ____________________

(B) ____________________

અથવા

પ્રશ્ન-4. ____________________ (10)

(A) ____________________

(B) ____________________

પ્રશ્ન-5. દસ બહુવિકલ્પ પ્રશ્નો (MCQ) (10)

- **ખાસ નોંધ :**

પરિશિષ્ટ ૧ થી ૫ માં મૂકેલી કાવ્યકૃતિઓ માત્ર અભ્યાસની સુગમતા ખાતર અત્રે મૂકવામાં આવી  છે. આમાં મુદ્રણ ભૂલ હોય શકે, મૂળ પુસ્તકમાં મુદ્રિત કૃતિ જ આખરી ગણવી. માટે મૂળ પુસ્તકનો આધાર લઈ ભણાવવી.


- **પરિશિષ્ટ : ૧ : એકમ-૧ માં પસંદ કરેલ ગીત રચનાઓ :**

પસંદગીની રચના, સર્જક અને જે પુસ્તકમાંથી રચના પસંદ કરી તે પુસ્તકનું નામ.

**૧. બારી બહાર**

**- પ્રહલાદ પારેખ (બારી બહાર)**



વર્ષોની બંધ બારીને આજ જ્યારે ઉઘાડતો,
'આવ', 'આવ', દિશાઓથી સૂર એ કર્ણ આવતો.

આવે વાયુ પ્રથમ ભીતરે સિંધુના મોજ ચૂમી,
ઘૂમી ઘૂમી વન વન મહીં પુષ્પની ગંધને લૈ;
માળે માળે જઈ જઈ, લઈ પંખીના ગાનસૂર;
લાવે હૈયે નિકટ મુજ, જે આંખથી હોય દૂર.

આકાશેથી કિરણ ઊતરી સર્વ એ વાત ક્હેતાં;
નાચ્યાં કેવાં જલ ઉપર ને કેમ પુષ્પો ઉઘાડ્યાં,
પેઠાં છાનાં ક્યમ કરી સહુ પંખીના વાસ માંહી,
વીણ્યાં બિન્દુ શબનમ તણાં ઘાસ માંહી છુપાઈ.

પુષ્પો અને પર્ણ તણી પૂંઠેથી
પંખી તણાં ગીત અનેક આવતાં;
સંદેશ તેનો સમજું નહીં ને
કાં હર્ષના અંતર ધોધ છૂટતા?

નમાવી ડાળીઓ સર્વ, માર્ગમાં પુષ્પ પાથરી,
'આવ', 'આવ', બધાં વૃક્ષો સાદ દે છે ઘડી ઘડી.
પાસેથી કો ઝરણ વહતું; વાત એ જાય ક્હેતું:
કેવું આભે ભ્રમણ કરતી વાદળી માંહી ર્‌હેતું:

કેવું છૂપ્યું ગિરિવર તણા ગહ્‌વરે થૈ અશબ્દ,
છૂટ્યું કેવું જલધિજલનો સાંભળી 'આવ' શબ્દ.
આલિંગે છે પથ ઉપરની આવીને ધૂળ અંગે,
ને લાવે છે અખૂટ કથની માર્ગની સર્વ, સંગે;

કેવા કેવા પથિક દઈને પાય એ માર્ગ જાતા,
કેવાં ગીતો અનુભવ તણાં જાય એ સર્વ ગાતા.
ને ખેતરે લાખ ઊભેલ ડૂંડાં,
લળી લળીને સહુ સાદ પાડતાં;
અનેકની હાર ખડી રહી ત્યાં,
છતાંય કાં એ મુજ સાથ માગતાં?

ઊંચે જોયું, — ગગનપટમાં વાદળી એક જાતી,
સમ્રાજ્ઞી શી મૃદુલ ડગલે માર્ગ એ કાપતી'તી;
વાતો ક્હેતી ઘડીક વીજની, મેઘ કેરા ધનુની,
યાત્રા કેરી વિજન વનની, પર્વતોની, રણોની.

નીચે કોઈ ચલિત પગલે જાય છે બાળ ચાલ્યું,
પુષ્પે, પર્ણે, તૃણ સકલમાં સાંભળે હર્ષગાણું;
એયે ગાતું કુસુમ, તૃણમાં જાગતો હર્ષકંપ,
જાયે ધીમે ડગ, ફૂલ કને ઝાલવાનો પતંગ.

શું એ આંખે, મૃદુલ ડગલે, શું ભર્યું હાથ નાને?
તૂટેલા એ શબદ મહીં શું? સર્વ શું એ ક્રિયામાં?
બારી બંધે કદીય નવ જે ભાવનાને પિછાણી,
તેવી ઉરે, નયન મહીં, કો આર્દ્રતા આજ જાણી.

અંગાંગે છે પરમ ભરતી મસ્ત સિંધુ સમી, ને
લજ્જા કેરી નયન પર છે એક મર્યાદરેખ,
હર્ષે થાતી પુલકિત ધરા, પાયના સ્પર્શથી જે,
જાયે કોઈ યુવતી નયનો ધન્ય મારાં કરીને.

ઉચ્ચારીને 'અહાલ્લેક' કોઈ સાધુ જતો વહી,
સંદેશો સર્વ સંતોનો બારણે બારણે દઈ.
જાયે લક્ષ્મીપ્રણયી પથમાં, જ્ઞાનના કો પિપાસુ,
કોઈ જાતા શ્રમિત જન, કો દીન, કોઈ દરિદ્ર;


જ્યોતિ કોઈ વદન ઝળકે સ્મિત કેરી અખંડ,
અશ્રુધારા નયન થકી કો જાય ચાલી અભંગ.
સર્વને બારીએ ઊભો નેનથી નીરખી રહું;
એક એ સર્વનો સાદ 'આવ'નો ઉર સાંભળું.


પળે પાછાં અંતે રવિકિરણ સૌ અસ્ત નભમાં,
અને આવે પાછાં દ્વિજગણ સહુ વૃક્ષગૃહમાં;
ઝગી ઊઠે નાની સકલ ઘરમાં એક દીવડી,
શરૂ શાંતિ કેરી પરમ ઘડીઓ થાય જગની.

સુધાભરી તારક-પ્યાલીઓને
આકાશથાળે લઈ રાત આવે;
પંખી, વનો, નિઝર, માનવીને
પાઈ દઈ એ સઘળું ભુલાવે.

મેંયે પીધી રજનિકરથી લેઈને એક પ્યાલી;
અંગાંગે એ મદ ચડી જતો, આંખડી બંધ થાતી.
તોયે સૌનો, ઉર મહીં સુણું 'આવ'નો એક સાદ:
ના બારી, ના ઘર મહીં રહું, જાઉં એ સર્વ સાથ.

## ૨. માંડ રે મળી છે.
**-હરીન્દ્ર દવે (હયાતી)**








માંડ રે મળી છે અલ્યા, ઉજ્જડ આ સીમ,
આમ અળગો અળગો તે શીદ ચાલે,
આંકડિયા ભીડી લે લજ્જાળા છેલ !
ભલે એકલ દોકલ કોક ભાળે.

મૈયરનો મારગડો છોડી દીધો છે હવે
મોકળુ મૂકીને મન ફરીએ,
આંખના હિલોળે ઝૂલી લઈએ વ્હાલમ,
થોડું નેણના નવાણ મહીં તરીએ,
સાંજ ક્યાં નમી છે ? હજુ આટલી ઉતાવળ શું ?
વેળ થયે લપાઈ જશું માળે.

હમણાં વંકાશે વાટ સાસરીયે જાવાની
થંભી જશે થનગનતી પાની,
નીચાં ઢાળીને નેણ ચાલીશું રાજ,
અમે લાજ રે કાઢીશું વ્હેતા વા'ની,
મોકો મળે તો જરા ગોઠડી કરીશું
ચોરીછૂપીથી આંખડીના ચાળે.


## ૩. આપણાં દુ:ખનું કેટલું જોર
## - રાજેન્દ્ર શાહ (ધ્વનિ)



આપણા દુ ખનું કેટલું જોર:**?**
ભાઈ રે, આપણા દુ ખનું કેટલું જોર:**?**
નાની એવી જાતક વાતનો મચવીએ નહિ શોર !
ભારનુ વાહન કોણ બની રહે**?**
નહી અલૂણનું કામ, આપણ તો બડભાગી,
ખમીરનું આજ ગવાય રે ગાન;
સજલ મેઘની શાલપે સોહે રંગધનુષની કોર.
ભાઈ રે, આપણા દુ ખનું કેટલું જોર:**?**
જલભરી દ્રગ સાગર પેખે,
હસતી કમળફૂલ, કોકડું છે પણ રેશમનું,
એનું ઝીણું વણાય દુકૂલ;
નિબિડ રાતના કાજળ પાછળ પ્રગટે અરુણ ભોર.
ભાઈ રે, આપણા દુ ખનું કેટલું જોર:**?**
આપણે ના કંઈ રંક,
ભર્યોભર્યો માંહ્યલો કોશ અપાર;
આવવા દો જેને આવવું આપણે, મૂલવશું નિરધાર;
આભ ઝરે ભલે આગ, હસી હસી ફૂલ ઝરે ગુલમ્હોર.
ભાઈ રે, આપણા દુ ખનું કેટલું જોર:**?**

## ૪. વરસાદ ભીંજવે
### - રમેશ પારેખ (ક્યાં)







આકળવિકળ આંખકાન વરસાદ ભીંજવે
હાલકડોલક ભાનસાન વરસાદ ભીંજવે
ચોમાસું નભ વચ્ચે લથબથ સોળ કળાએ ઉગ્યું રે વરસાદ ભીંજવે
અજવાળું ઝોકાર લોહીની પાંગત સુધી પૂગ્યું રે વરસાદ ભીંજવે
નહીં છાલક, નહીં છાંટા રે વરસાદ ભીંજવે
દરિયા ઉભા ફાટ્યા રે વરસાદ ભીંજવે
ઘરમાંથી તોતિંગ ઓરડા ફાળ મારતા છૂટ્યા રે વરસાદ ભીંજવે
ધૂળ લવકતા રસ્તા ખળખળ વળાંક ખાતા ખૂટ્યા રે વરસાદ ભીંજવે
પગના અંતરિયાળપણાને ફળિયામાં ધક્કેલો રે વરસાદ ભીંજવે
નેવાં નીચે ભડભડ બળતો જીવ પલળવા મેલો રે વરસાદ ભીંજવે
બંધ હોઠમાં સોળ વરસની કન્યા આળસ મરડે રે વરસાદ ભીંજવે
લીલોધમ્મર નાગ જીવને અનરાધારે કરડે રે વરસાદ ભીંજવે
અહીં આપણે બે અને વરસાદ ભીંજવે
મને ભીંજવે તું તને વરસાદ ભીંજવે
થરથર ભીંજે આંખકાન, વરસાદ ભીંજવે,
કોને કોનાં ભાનસાન, વરસાદ ભીંજવે.

## ૫. કોને હોઠે ?
### - મનોહર ત્રિવેદી (છુટ્ટી મૂઠી વીજ)




કોને હોઠે ?
ધીરાં ધીરાં
દૂર દૂર ક્યાં ગળતી રાતે વાગે છે મંજીરાં ?


મહેક મહેકનાંથળથળ થાનક
ઊઘડ્યાં સૂરનાં પારિજાતક,
ક્યાંથી ઉઘડી અદીઠ પાછી હલક ભરેલી ધીરા
દૂર દૂર ક્યાં ગળતી રાતે વાગે છે મંજીરાં ?

કોઈ ખાલી, કોઈ અધૂરા;
ક્યાં મેવાડ, ક્યાં ગોકુળ મથુરા ?
પગલાં પાછળ પગલાં રઝળે,અણથક 'ને અધીરા
દૂર દૂર ક્યાં ગળતી રાતે વાગે છે મંજીરાં ?

જાત ભૂલીને નીકળ્યાં પોતે,
કોણ અહીંયા કોને ગોતે ?
કોના હોઠે માધવ,માધવ ; કોના હોઠે મીરાં?
દૂર દૂર ક્યાં ગળતી રાતે વાગે છે મંજીરાં ? ( છુટ્ટી મૂકી વીજ)

## ૬. તો અમે આવીએ
**- વિનોદ જોશી (ઝાલર વાગે જૂઠડી)**



આપી આપીને તમે પીંછું આપો, સજન!
પાંખો આપો તો અમે આવીએ…

ચાંદો નીચોવી અમે વાટકા ભર્યા
ને એને મોગરાની કળીએ હલાવ્યા,
આટલા ઉઝરડાને શમણું ઓઢાડી
અમે ઉંબરની કોર લગી લાવ્યા

આપી આપીને તમે ટેકો આપો, સજન!
નાતો આપો તો અમે આવીએ…

કાગળમાં કાળઝાળ રેતી વિંઝાય
અને લેખણમાં બેઠી છે લૂ;
આંગળિયું ઓગળીને અટકળ થઈ જાય
અમે લખીએ તો લખીએ પણ શું ?


આપી આપીને તમે આંસુ આપો, સજન!
આંખો આપો તો અમે આવીએ…


## પરિશિષ્ટ : ૨ : એકમ-૨ માં પસંદ કરેલ સોનેટ રચનાઓ :

પસંદગીની રચના, સર્જક અને જે પુસ્તકમાંથી રચના પસંદ કરી તે પુસ્તકનું નામ.

### ૧. વધામણી


**- બળવંતરાય ઠાકોર (ભણકારા)**




વ્હાલા મ્હારા, નિશદિન હવે થાય ઝંખા ત્હમારી,
આવો આપો પરિચિત પ્રતીતી બધી ચિત્તહારી.
દૈવે જાણે જલ ગહનમાં ખેંચિ લીધી હતી તે
આણી સ્હેજે તટ પર ફરીને મ્હને છોળ ઠેલે;
ને આવી તો પણ નવ લહું ક્યાં ગઈ,તી કેમ આવી,
જીવાદોરી ત્રુટી ન ગઈ તેથી રહૂં શીષ નામી.
ને સંસ્કારો ગત ભવ તણા તે કની સર્વ, વ્હાલા,
જાણૂં સાચા, તદપિ અવ તો સ્વપ્ન જેવા જ ઠાલા;
માટે આવો, કર અધરની સદ્ય સાક્ષી પુરાવો,
મીઠા સ્પર્શો, પ્રણયિ નયનો, અમ્રતાલાપ લાવો.
બીજૂં, વ્હાલા, શિર ધરિ જિહાં 'ભાર લાગે શું?' ક્હેતા,
ત્યાં સૂતેલું વજન નવું વીતી ઋતુ એક વ્હેતાં;
ગોરૂં ચૂસે અખૂટ જ રસે અંગૂઠો પદ્મ જેવો,
આવી જોઈ, દયિત, ઉચરો લોચને કોણ જેવો?


## ૨. બળતાં પાણી
### - ઉમાશંકર જોશી (ગંગોત્રી)




નદી દોડે, સોડે ભડભડ બળે ડુંગરવનો.,
પડે ઓળા પાણી મહીં, સરિત હૈયે સળગતી.
ઘણું દાઝે દેહે, તપીતપી ઊડે બિંદુ જળનાં.
વરાળો હૈયાની પણ મદદ કૈં ના દઈ શકે.
જરી થંભી જૈને ઊછળી, દઈ છોળો તટ પરે
પહાડોને છાંટી શીતળ કરવાનું નવ બને.
અરે જે પ્હાડોએ !નિજ સહુ નિચોવી અરપિયું
નવાણોમાં, તેને સમય પર દૈ બુંદ ન શકે.
કિનારાની આંકી જડ કઠણ માઝા ક્યમ કરી
ઉથાપીલોપીને સ્વજનદુખને શાંત કરવું-?
નદીને પાસેનાં સળગી મરતાં ને અવગણી
જવું સિંધુ કેરા અદીઠ વડવાગ્નિ બૂઝવવા!
પછી ત્યાંથી કો દી જળભર ભલે વાદળ બની,
વહી આવી આંહીં ગિરિદવ શમવાનું થઈ રહે!
અરેએ તે ક્યારે !? ભસમ સહુ થૈ જાય પછીથી?

## ૩. ઉમા મહેશ્વર
### - રા.વિ.પાઠક (શેષનાં કાવ્યો)








**(શિખરિણી)**

'અરે ભોળા સ્વામી! પ્રથમથી જ હું જાણતી હતી,
ઠગાવાના છો જી જલધિમથને વ્હેંચણી મહીં.
જુઓ ઇન્દ્રે લીધો તુરગમણિ ઉચ્ચૈ:શ્રવસ, ને
વળી લીધો ઐરાવત જગતના કૌતુક સમો;
લીધી કૃષ્ણે લક્ષ્મી, હિમ સમ લીધો શંખ ધવલ,
અને છૂટો મૂક્યો શશિયર સુધાનાં કિરણનો.
બધાએ ભેગા થૈ અમૃત તમને છેતરી પીધું
અને- 'ભૂલે ! ભૂલે અમૃત, ઉદધિનું વસત શી ?
રહી જેને ભાગ્યે અનુપમ સુધા આ અધરની !'
'રહો જોયા એ તો, જગ મહીં બધે છેતરાઈને
શીખ્યા છો આવીને ઘરની ઘરૂણી એક ઠગતાં.
બીજું તો જાણે કે ઠીક જ. વિષ પીધું ક્યમ કહો ?'
'બન્યું એ તો એવું, કની સખી ! તહીં મંથન સમે,
દીઠી મેં આલિંગી જલનિધિસુતા કૃષ્ણતનુને,
અને કાળા કંઠે સુભગ કર એવો ભજી રહ્યો,
મને મારા કંઠે મન થયું બસ્ એ રંગ ધરવા,-
મૂકી જો, આ બાહુ ઘન મહીં ન વિદ્યુત્ સમ દીસે ?'
તહીં વિશ્વે આખે પ્રણયઘન નિ:સીમ ઊલટ્યો;
અને એ આશ્લેષે વિષ જગતનું સાર્થક બન્યું !

## ૪. વતનથી વિદાય થતાં
## - જયંત પાઠક (વગડાનો શ્વાસ)




(શાર્દૂલવિક્રીડિત)

એ મૂક્યું વન, એ મૂક્યાં જન, ઘણે વર્ષે મળ્યાં જે ક્ષણ,
મૂક્યાં ડુંગર ને નદી, વતનનાં એ કોતરો, ખેતર;
આંખો બે રહી ભાળતી વળી વળી પાછી, ભીડ્યું એ ઘર
વેચાઈ ગયું ઢોર જેમ તલખે કોઢાર, છોડ્યું ધણ.


કેડી આગળ જાય, પાય અવળા, કેમે કરી ઊપડે;
આંખો જાય ભરાઈ વાટ તરુની કાંટાળી ડાળી નડે;
હૈયું ઉઝરડાય રક્તટશિયા ફૂટે ધીમેથી ઝમે
આઘે વેકુરથી નદીની હજીયે આ આંગળીઓ રમે.


ચાલો જીવ, જવાનું આગળ, નહીં આ કાળના વ્હેણમાં
પાછા ઉપરવાસ શક્ય વહવું, પાણી લૂછો નેણમાં;
ભારો લૈ ભૂતનો શિરે વણપૂછ્યે શા વેઠિયા ચાલવું
સાથે શ્વાન, પૂરી થતાં હદ હવે એનેય પાછા જવું.

આઘે ખેતર જોઉં બે કર કરી ઊંચા મને વારતી –
એ મારી ભ્રમણા? રિસાળ શિશુને બોલાવતી બા હતી?!

## ૫. ગાંધી !

### - સુન્દરમ (ચૂંટેલી કવિતા)



પટે પૃથ્વીકેરે ઉદય યુગ પામ્યો બળતણો,
ભર્યાં વિદ્યુત્, વાયુ, સ્થળ, જળ મુઠીમાં જગજને;
શિકારો ખેલ્યા ત્યાં મદભર જનો નિર્બળતણા,
રચ્યાં ને ઊંચેરાં જનરુધિરરંગ્યાં ભવન કૈં.


ધરા ત્રાસી, છાઈ મલિન દુઃખછાયા જગ પરે,
બન્યાં ગાંધીરૂપે પ્રગટ ધરતીનાં રુદન સૌ;
વહેતી એ ધારા ખડક-રણના કાતિલ પથે,
પ્રગલ્ભા અંતે થૈ, ગહન સરલા વાચ પ્રગટી :

હણો ના પાપીને, દ્વિગુણ બનશે પાપ જગનાં,
લડો પાપો સામે વિમળ દિલના ગુપ્ત બળથી,
પ્રભુ સાક્ષી ધારી હૃદયભવને, શાંત મનડે
પ્રતિદ્વેષીકેરું હિત ચહી લડો, પાપ મટશે.

પ્રભો, તેં બી વાવ્યાં જગપ્રણયનાં ભૂમિઉદરે,
ફળ્યાં આજે વૃક્ષો, મરણપથ શું પાપ પળતું

## ૬. જૂનું ઘર ખાલી કરતાં
## - બાલમુકુન્દ દવે (એકાવન કાવ્યો)





ફંફોસ્યું સૌ ફરીફરી અને હાથ લાગ્યુંય ખાસ્સું
જૂનું ઝાડુ, ટૂથબ્રશ-, વળી લક્સ સાબુની ગોટી,
બોખી શીશી, ટિનનું ડબલું, બાલદી કૂખકાણી,
તૂટ્યાં ચશ્માં, ક્લિપ, બટન ને ટાંકણી સોય! દોરો-
લીધું દ્વારે નિત લટકતું નામનું પાટિયું, જે
મૂકી ઊંધુ, સુપરત કરી, લારી કીધી વિદાય.
ઊભાં છેલ્લી નજર ભરીને જોઈ લેવા જ ભૂમિ,
જ્યાં વિતાવ્યો પ્રથમ દસકો મુગ્ધ દામ્પત્ય કેરો;
જ્યાં દેવોના પરમ વરશો પુત્ર પામ્યાં પનોતો-
ને જ્યાંથી રે કઠણ હૃદયે અગ્નિને અંક સોંપ્યો !
કોલેથી જે નીકળી સહસા ઊઠતો બોલ જાણે:
'બાના કશુંય ભૂલિયાં ! બાપુ-, એક ભૂલ્યાં મને કે **?'**
ખૂંચી તીણી સજલ દૃગમાં કાચ કેરી કણિકા !
ઉપડેલાં ડગ ઉપર શા લોહ કેરા મણીકા !


## ▪ પરિશિષ્ટ : ૩ : એકમ-૩ માં પસંદ કરેલ ગઝલ રચનાઓ :

પસંદગીની રચના, સર્જક અને જે પુસ્તકમાંથી રચના પસંદ કરી તે પુસ્તકનું નામ.

### ૧. -વહેંચાઇ જવામાં લિજ્જત છે.

**- અમૃત 'ઘાયલ' (આઠોં જામ ખુમારી)**



ગભરૂ આંખોમાં કાજળ થઈ લહેરાઈ જવામાં લિજ્જત છે,
ચર્ચાનો વિષય એ હોય ભલે ચર્ચાઈ જવામાં લિજ્જત છે.

વેચાઈ જવા કરતાંય વધુ વહેંચાઇ જવામાં લિજ્જત છે,
હર ફૂલ મહીં ખુશ્બો પેઠે ખોવાઈ જવામાં લિજ્જત છે.

પરવાના પોઢી જાયે છે ચિર મૌનની ચાદર ઓઢીને,
હે દોસ્ત, શમાની ચોખટ પર ઓલાઈ જવામાં લિજ્જત છે.


દુખ પ્રીતનું જ્યાં: ત્યાં ગાવું શું? ડગલે પગલે પસ્તાવું શું?
એ જોકે વસમી ઠોકર છે પણ ખાઈ જવામાં લિજ્જત છે.


જે અંધ ગણે છે પ્રેમને તે આ વાત નહીં સમજી જ શકે;
એક સાવ અજાણી આંખથી પણ અથડાઈ જવામાં લિજ્જત છે !

બે વાત કરીને પારેવાં થઈ જાયે છે આડાંઅવળાં,
કૈં આમ પરસ્પર ગૂંથાઈ, વીખરાઈ જવામાં લિજ્જત છે !

સારાનરસાનું ભાન નથી પણ એટલું જાણું છું 'ઘાયલ',
જે આવે ગળામાં ઊલટથી એ ગાઈ જવામાં લિજ્જત છે.

## ૨. દિવસો જુદાઈના જાય છે.
## - ગની દહીંવાળા (ગાતાં ઝરણાં)




દિવસો જુદાઈના જાય છે, એ જશે જરૂર મિલન સુધી:
મને હાથ ઝાલીને લઈ જશે, હવે શત્રુઓ જ સ્વજન સુધી.

ન ધરા સુધી, ન ગગન સુધી, નહીં ઉન્નતિ, ન પતન સુધી,
અહીં આપણે તો જવુ હતું, ફકત એકમેકના મન સુધી.

હજી પાથરી ન શક્યું સુમન પરિમલ જગતના ચમન સુધી,
ન ધરાની હોય જો સંમતિ, મને લૈ જશો ન ગગન સુધી.

છે અજબ પ્રકારની જીદંગી, કહો એને પ્યારની જીદંગી;
ન રહી શકાય જીવ્યા વિના, ન ટકી શકાય જીવન સુધી.


તમે રાંકનાં છો રતન સમાં, ન મળો હે અશ્રુઓ ધૂળમાં,
જો અરજ કબૂલ હો આટલી તો હૃદયથી જાઓ નયન સુધી.


તમે રાજરાણીનાં ચીર સમ, અમે રંક નારની ચૂંદડી !
તમે બે ઘડી રહો અંગ પર, અમે સાથ દઈએ કફન સુધી.

જો હૃદયની આગ વધી 'ગની', તો ખુદ ઈશ્વરે જ કૃપા કરી;
કોઈ શ્વાસ બંધ કરી ગયું, કે પવન ન જાય અગન સુધી.

## ૩. તમારા પ્રતાપે બધાં ઓળખે

**- શૂન્ય પાલનપુરી (શૂન્યની સૃષ્ટિ)**




પરિચય છે મંદિરમાં દેવોને મારો, અને મસ્જિદોમાં ખુદા ઓળખે છે;
નથી મારું વ્યક્તિત્વ છાનું કોઈથી, તમારા પ્રતાપે બધા ઓળખે છે.

સુરાને ખબર છે, પિછાણે છે પ્યાલી, અરે ખુદ અતિથિ ઘટા ઓળખે છે;
ન કર ડોળ સાકી, અજાણ્યા થવાનો, મને તારું સૌ મયકદા ઓળખે છે.

મે લોયાં છે પાલવમાં ધરતીનાં આંસુ', કરુણાનાં તોરણ સજાવી રહ્યો છું,
ઊડી ગઇ છે નીંદર ગગનસર્જકોની-, મને જ્યારથી તારલા ઓળખે છે.

અમે તો સમંદર ઉલેચ્યો છે પ્યારા, નથી માત્ર છબછબિયાં કીધાં કિનારે,
મળી છે અમોને જગા મોતીઓમાં, તમોને ફક્ત બદબુદા ઓળખે છે.

તબીબોને કહી દો કે માથું ન મારે, દરદ સાથે સીધો પરિચય છે મારો,
હકીકતમાં હું એવો રોગી છું જેને, બહુ સારી પેઠે દવા ઓળખે છે.

દિલે એવા મેં જખ્મો સહ્યા છે 'શૂન્ય', કે સૌ પ્રેમીઓ મેળવે છે દિલાસો,
છું ધીરજનો મેરુ, ખબર છે વફાને, દયાનો છું સાગર, ક્ષમા ઓળખે છે.

## ૪. મળે ન મળે

**- આદિલ મન્સૂરી (મળે ન મળે)**






નદીની રેતમાં રમતું નગર મળે ન મળે,
ફરી આ દ્રશ્ય સ્મૃતિપટ ઉપર મળે ન મળે.

ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો,
પછી આ માટીની ભીની અસર મળે ન મળે.

પરિચિતોને ધરાઈને જોઈ લેવા દો,
આ હસતા ચહેરા; આ મીઠી નજર મળે ન મળે.


ભરી લો આંખમાં રસ્તાઓ, બારીઓ, ભીંતો,
પછી આ શહેર, આ ગલીઓ, આ ઘર મળે ન મળે.

રડી લો આજ સંબંધોને વીંટળાઈ અહીં,
પછી કોઈને કોઈની કબર મળે ન મળે.

વળાવા આવ્યા છે એ ચ્હેરા ફરશે આંખોમાં,
ભલે સફરમાં કોઈ હમસફર મળે ન મળે.

